પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૦૨ | ૨ ઓક્ટોબર, ૨૦૧૯, બુધવાર; આસો સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

## આજે પ્રધાનમંત્રી સ્વચ્છ ભારત દિવસનો પ્રારંભ કરાવશે

**પૂજ્ય મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી : વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી ૨ જી ઓક્ટોબરે સમગ્ર દેશને ખુલ્લામાં શૌચક્રિયાથી મુક્ત જાહેર કરશે : સાબરમતી રીવરફ્રન્ટ-અમદાવાદ ખાતે ૨૦,૦૦૦થી વધુ સરપંચોનું સ્વચ્છતાની નેમ સાથે મહાસંમેલન યોજાશે : વડાપ્રધાનશ્રી સાબરમતી આશ્રમ ખાતે પૂજ્ય ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલી આપીને શ્રદ્ધાસુમન અર્પણ કરશે**



ગાંધીનગર, તા.૧

પૂજ્ય મહાત્મા ગાંધીજીના સ્વચ્છતાના મંત્રને સાકાર કરવા માટે ગુજરાતના પનોતા પુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વચ્છતાનો જે સંકલ્પ કરીને સમગ્ર દેશને ખુલ્લામાં શૌચક્રિયામાંથી મુક્ત કરવા પ્રથમ કદમ ભર્યુ હતું જે સંકલ્પ આજે પૂર્ણ થયો છે. ૨ જી ઓક્ટોબરે ગાંધીજીની ૧૫૦ મી જન્મ જયંતિ ઉજવણી દિને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સમગ્ર દેશને ખુલ્લામાં શૌચક્રિયા થી મુક્ત જાહેર કરશે. સાબરમતી રીવરફ્રન્ટ, અમદાવાદ ખાતે ૨૦,૦૦૦ થી વધુ સરપંચોના યોજાનાર મહા સંમેલનમાં વડાપ્રધાનશ્રી આ જાહેરાત કરશે.

પ્રધાનમંત્રીશ્રી ૧૫૦મી ગાંધીજયંતિ તા. ૨ ઓકટોબરે સાંજે ૧૭:૪૫ કલાકે અમદાવાદ આવી પહોચશે.

વડાપ્રધાનશ્રીનો અમદાવાદ એરપોર્ટ બહારના મેદાનમાં કાર્યકર્તાઓ દ્વારા અભિવાદન-સત્કાર સમારોહ યોજવામાં આવ્યો છે. પ્રધાનમંત્રીશ્રી સાંજે ૧૮:૩૦ થી ૧૮:૫૦ કલાક દરમ્યાન ગાંધી આશ્રમની મૂલાકાત લેશે.

ત્યાર બાદ વડાપ્રધાન સાંજે ૭ થી ૮:૨૦ કલાક સુધી સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આયોજિત સ્વચ્છ ભારત દિવસ-૨૦૧૯ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી માર્ગદર્શન આપવાના છે.

પ્રધાનમંત્રીશ્રી રાત્રે ૮:૩૦ કલાકે અમદાવાદ એજ્યુકેશન ગ્રાઉન્ડ ખાતે આયોજિત નવરાત્રિ મહોત્સવમાં સહભાગી થઈ મા આદ્યશકિતની આરતીમાં ભાગ લેશે અને શેરી ગરબા નિહાળશે. તેઓ રાત્રે ૯:૩૦ કલાકે નવી દિલ્હી જવા રવાના થશે.

વડાપ્રધાન શ્રી સાબરમતી આશ્રમ ખાતે પૂજ્ય ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલી અર્પીને શ્રધ્ધાસુમન અર્પણ કરશે અને હ્રદયકુંજ સહિત ગાધીઆશ્રમના વિવિધ સ્થળોની પણ મુલાકાત કરશે. આ વેળાએ રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રત, રાજયના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ સહિત મંત્રીમંડળના સભ્યો અને મહાનુભાવો ઉપસ્થિત રહેશે

પૂજ્ય મહાત્મા ગાંધીજીના સ્વચ્છતાના મંત્રને એક સામાજીક અભિયાન તરીકે ઉપાડીને દેશભરમાં જાગૃતતા લાવવાનું કામ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હાથ ધર્યુ હતુ જે

● અનુસંધાન પાન-૭ પર



**બાપુને... શત્ શત્ નમન**

### જેટલીના પરિવારે પેન્શન ચોથા વર્ગના કર્મચારીઓને આપી દીધુ

ન્યુ દિલ્હી,તા.૧

પૂર્વ નાણામંત્રી દિવંગત અરૂણ જેટલીની પત્નીએ ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના ઉપસભાપતિ એમ વૈકેંયા નાયડુને એક પત્ર લખ્યો છે.

આ પત્રમાં લખ્યુ છે કે, પેન્શનની જે પણ રકમ મળવાની છે તે એવા કર્મચારીઓને વહેંચવામાં આવે જેમનો પગાર ઓછો છે. જેટલીના પરિવારને પેન્શન તરીકે ત્રણ લાખ રૂપિયા મળવાના હતા.

## બિહારમાં પટણા હજુ પણ પાણીમાં

**પટણામાં સમગ્ર રાત્રી ગાળામાં રેસ્ક્યુ ઓપરેશન : લોકોને સુરક્ષિત પહોંચાડી દેવાની કામગીરી યુદ્ધના ધોરણે જારી : મોત માટેનો આંક વધીને ૩૫ થયો**

પટણા,તા. ૧

બિહારના પાટનગર પટણામાં પુરના કારણે હાલત કફોડી બનેલી છે. સમગ્ર પટણા હજુ પણ પાણી પાણી છે. અલબત્ત વરસાદનુ જોર ઘટી ગયુ છે પરંતુ ચારેબાજુ જળબંબાકારની સ્થિતી સર્જાયેલી છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. પટણામાં આજે આખી રાત્રી ગાળા દરમિયાન વરસાદ જારી રહ્યો હતો. લોકોને રાહત થઈ છે. હવામાન વિભાગે આગામી ચાર દિવસ દરમિયાન નવેસરની ચેતવણી જારી કરવામાં આવી નથી. લોકોને રાહત આપવા માટેના પ્રયાસ થઈ રહ્યા છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ હવે પુરની સ્થિતીને લઈને એક્શનમાં આવી ગયા છે. પટણામાં હજુ પણ મોટા ભાગના વિસ્તારો પાણીમાં છે. મોતનો આંકડો ૩૫ સુધી પહોંચી ગયો છે. મોદીએ કેબિનેટ સચિવને બિહારના મુખ્ય સચિવ સાથે પુરની સ્થિતી મામલે માહિતી લેવાનો આદેશ કર્યો છે. મોદીએ બિહારના મુખ્યપ્રધાન નીતિશ કુમાર સાથે આજે ફોન પર વાતચીત કરી હતી. રાહત અને બચાવ કામગીરી માટે કેન્દ્ર સરકારે બે હેલિકોપ્ટર આપ્યા છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે.



### ન્યુઝ ટ્રેક

**પાક. ગમે ત્યારે બ્લેકલીસ્ટ થઈ શકે : રાજનાથ**

આતંકવાદીઓને ફંડ રોકવાના મામલે અસફળ રહેનાર પાકિસ્તાન બ્લેકલીસ્ટ થઈ શકે છે. ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ ગમે ત્યારે પાકિસ્તાનને બ્લેકલીસ્ટ કરી શકે છે. ડિફેન્સ એ કાઉન્ટસ ડિપાર્ટમેન્ટ ડે કાર્યક્રમમાં રક્ષામંત્રી રાજનાથસિંહે આ મુજબ કહ્યુ હતુ.

**કાશ્મીરમાં બસમાંથી આરડીએક્સ મળ્યુ**

સેના અને જમ્મુ-કાશ્મીર પોલીસના એક સંયુક્ત ઓપરેશનને મોટી સફળતા મળી છે. અહી એક બસમાંથી ૧૪ કિલો આરડીએક્સ મળી આવ્યો છે. જમ્મુના એક બસસ્ટેન્ડ પાસેથી આ વિસ્ફોટક સામગ્રી મળી આવી છે.

**રાહુલે કેરળ સીએમને પત્ર લખ્યો**

કોંગ્રેસ નેતા અને કેરળના વાયનાડના સાંસદ રાહુલ ગાંધીએ કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયનને રાજ્યમાં પૂર પ્રકોપ અંગે પત્ર લખ્યો છે. તેઓએ જણાવ્યુ છે કે રાજ્ય સરકાર સમયબદ્ધ રીતે અસરગ્રસ્તોને વળતર ચૂકવી આપે તે જરૂરી છે.

**૧૪ દિવસ પછી વિક્રમ સાથે સંપર્કનો પ્રયાસ કરાશે**

ચંદ્ર પર જે સ્થળે વિક્રમનુ લેન્ડિંગ થયુ છે ત્યાં હાલમાં રાતનો સમય ચાલી રહ્યો હોવાથી ઈસરો દ્વારા તેનો સંપર્ક થઈ શકતો નથી. હવે ૧૪ દિવસ બાદ ચંદ્ર પર દિવસ ઉગશે ત્યારે પુનઃ વિક્રમ સાથે સંપર્કના પ્રયાસ કરાશે.

**એર માર્શલ હરજીતસિંહ વાયુસેનાના ઉપપ્રમુખ**

એર માર્શલ હરજીતસિંહ અરોડાને વાયુસેના ઉપપ્રમુખનો પદભાર સંભાળ્યો છે. તેઓએ એર ચીફ માર્શલ આર.કે.એસ. ભદોરારિયાનુ સ્થાન લીધુ છે. અતિવિશિષ્ટ સેવા મેડલથી સન્માનિત એર માર્શલ હરજીતસિંહ અરોડા ૧૯૮૧થી લડાકુ પાયલટ સ્વરૂપમાં નિયુક્ત થયા છે.

## તમામ હિન્દુ શરણાર્થીને ભારતીય નાગરિકતા આપવા માટેની ખાતરી

**પશ્ચિમ બંગાળમાં અમિત શાહના મમતા પર તેજાબી પ્રહાર : બંગાળમાં ૧૮ લોકસભા બેઠકો ભાજપને મળ્યા બાદ આગામી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપની સરકાર બનશે : દુર્ગાપૂજા રોકવાની કોઇની હિંમત નથી**

કોલકાતા, તા. ૧

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે એનઆરસીના મુદ્દા ઉપર સરકારનું વલણ સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે, કોઈપણ હિન્દુ અને ખ્રિસ્તી શરણાર્થીને ભારત છોડવા માટે મજબૂર કરવામાં આવશે નહીં. એનઆરસી પર રાજ્યના મુખ્યમંત્રી મમતા બેનર્જી દ્વારા ગેરમાર્ગે દોરવાનો આક્ષેપ કરતા અમિત શાહે કહ્યું હતું કે, જે પણ હિન્દુ શરણાર્થી લોકો દેશમાં આવ્યા છે તેમને ભારતની નાગરિકતા આપવામાં આવશે. સાથે સાથે એમ પણ કહયું હતું કે, હિન્દુ શરણાર્થીને દેશથી જવા દેવાશે નહીં. સાથે સાથે કોઈ ઘુસણખોરને પણ દેશમાં તક આપવામાં આવશે નહીં. ભાજપના



રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે આજે કલમ ૩૭૦ પર કેન્દ્ર સરકારનું વલણ સ્પષ્ટ કર્યું હતું. સાથે સાથે એનઆરસી પર પણ લોકોના ભ્રમને દૂર કરવાના પ્રયાસ કર્યા હતા. એનઆરસી પર બંગાળની જનતાને ગેરમાર્ગે દોરવાના પ્રયાસ થઈ રહ્યા છે પરંતુ બંગાળની જનતા વાસ્તવિકતાને સમજે છે અને તેઓ વધુ સ્પષ્ટતા કરવા માંગે છે.

શાહે કહ્યું હતું કે, તમામ હિન્દુ શરણાર્થીઓને ભારતીય નાગરિકતા ઉપલબ્ધ કરાવવામાં આવશે. મોદી સરકાર ટુંક સમયમાં જ સિટીઝનશીપ સુધારા બિલ લાવનાર છે. ત્યારબાદ તેમના જેટલા પણ અધિકાર દરેક શરણાર્થીને મળી જશે. તેમણે ઉમેર્યુ હતું કે, એકપણ ઘુસણખોરને દેશમાં રહેવાની તક આપવામાં આવશે નહીં. એક એક શરણાર્થીને વડાપ્રધાન બનવાના અધિકાર ભાજપ સરકાર આપનાર છે.

## કાશ્મીર મુદ્દે સુપ્રીમે કેન્દ્રને ૪ અઠવાડિયાનો સમય આપ્યો

**કલમ ૩૭૦ મામલે વિવિધ અરજી પર ૧૪ નવેમ્બરે સુનાવણી**

નવીદિલ્હી,તા.૧

સુપ્રીમ કોર્ટે કલમ ૩૭૦ની નાબૂદીના કેન્દ્ર સરકારના નિર્ણયની બંધારણીય કાયદેસરતાને પડકાર ફેંકીને દાખલ કરવામાં આવેલી શ્રેણીબદ્ધ અરજીઓ ઉપર સુનાવણી ૧૪મી નવેમ્બરના દિવસે હાથ ધરવાનો નિર્ણય કર્યો છે. જમ્મુ કાશ્મીરને ખાસ રાજ્યનો દરજ્જો આપનાર કલમ ૩૭૦ને દૂર કરવામાં આવ્યા બાદ કેન્દ્ર સરકાર સાવધાનીપૂર્વક આગળ વધી રહી છે. જમ્મુ કાશ્મીરમાં સ્થિતિને સામાન્ય બનાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. જસ્ટિસ એનવી રામાન્નાની બનેલી પાંચ જજની બેંચે કેન્દ્ર અને જમ્મુ કાશ્મીર વહીવટીતંત્રને કલમ ૩૭૦ને નાબૂદ કરવાને પડકાર ફેંકીને દાખલ કરવામાં આવેલી કાઉન્ટર એફિડેવિટ દાખલ કરવાની મંજુરી આપી દીધી છે. સુપ્રીમ કોર્ટે કેટલીક સાફ શબ્દોમાં ચેતવણી પણ આપી છે. સુપ્રીમ કોર્ટે આ સમગ્ર મામલામાં ૧૪મી નવેમ્બરે સુનાવણી કરવાનો નિર્ણય કર્યો છે.

બેંચે કહ્યું છે કે, એક સપ્તાહનો સમય કાઉન્ટર એફિડેવિટના સંદર્ભમાં તેમના જવાબો રજૂ કરવા અરજીદારોને આપવામાં આવી રહ્યો છે. કાઉન્ટર એફિડેવિટ કેન્દ્ર અને જમ્મુ કાશ્મીર વહીવટીતંત્ર દ્વારા ચાર સપ્તાહની અંદર દાખલ કરશે. કેન્દ્ર અને જમ્મુ કાશ્મીર વહીવટીતંત્રની કાઉન્ટર એફિડેવિટ દાખલ કરવા માટે કહેવામાં આવ્યું છે. જસ્ટિસ એસકે કોલ, આર સુભાષ રેડ્ડી, બીઆર ગવાઈ અને સૂર્યકાંતની બનેલી બેંચ દ્વારા આ અંગેનો ચુકાદો આપવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટમાં કલમ ૩૭૦નો મામલો પહોંચી ચુક્યો છે. હાલમાં જ કલમ ૩૭૦ની નાબૂદી કરવામાં આવી હતી જેના ભાગરુપે જમ્મુ કાશ્મીરમાં અનેક પ્રકારના નિયંત્રણો લાગૂ કરવામાં આવ્યા હતા.

જો કે, હવે સ્થિતિ સરળ કરવામાં આવી રહી છે. તમામ નિયંત્રણો દૂર કરવામાં આવી ચુક્યા છે. જમ્મુ કાશ્મીરમાં જનજીવન સામાન્ય બની રહ્યું છે. કટ્ટરપંથીઓ અને આતંકવાદીઓ પર અંકુશ મુકવાના હેતુસર આ કલમને દૂર કરવામાં આવી છે. કલમ ૩૭૦ની નાબૂદી પર ભારત અને પાકિસ્તાનની સરકારો આમને સામને આવેલી છે. પાકિસ્તાન સરકારે સંયુક્ત રાષ્ટ્રમાં પણ આ મુદ્દો ઉઠાવ્યો છે. બીજી બાજુ ભારત સરકારને કલમ ૩૭૦ની નાબૂદીના મુદ્દે દુનિયાના દેશોનું સમર્થન મળી રહ્યું છે. મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યા બાદ કેન્દ્ર સરકારના નિર્ણયની બંધારણીય કાયદેસરતાને પડકાર ફેંકતી અરજીઓ ઉપર હવે સુનાવણી કરાશે. જો કે, કેન્દ્ર સરકારની રજૂઆતો ખુબ જ ધારદાર રહેલી છે.

### કરતારપુર કોરિડોર પર પાકિસ્તાનનું આમંત્રણ મનમોહન સિંહે ઠુકરાવ્યું

ન્યુ દિલ્હી,તા.૧

ભારતના પૂર્વ વડાપ્રધાન ડો. મનમોહન સિંહે પાકિસ્તાનના નિમંત્રણને ઠુકરાવી દીધું છે. પાકિસ્તાનના વિદેશ પ્રધાન શાહ મહમૂદ કુરેશીએ ડો. મનમોહન સિંહને કરતાપુર કોરિડોરના ઉદ્ઘાટન સમારોહમાં શામિલ થવા માટે નિમંત્રણ મોકલ્યું હતું. ડો. સિંહના નજીકના સુત્રોએ મીડિયાને માહિતી આપી કે, જો કોઈપણ વિદેશી નિમંત્રણ સરકારી સ્તર પર મળે છે તો, તેના પર અમે વિદેશ મંત્રાલયથી સલાહ લઈએ છીએ કે નિમંત્રણ સ્વીકારવું કે નહી.

કોંગ્રેસના સુત્રોએ કહ્યું કે, અમે હંમેશા વિદેશ મંત્રાલયની સલાહ માનીએ છીએ. અત્યારસુધી કોઈપણ પ્રકારનું નિમંત્રણ અમને નથી મળ્યું. સુત્રોએ દાવો કર્યો કે, પાકિસ્તાન દ્વારા કરતારપુર કોરિડોર કાર્યક્રમમાં તેમને આપેલા નિમંત્રણનો સ્વીકાર નહી કરે. દેશહિત સર્વોપરી છે.

### દુનિયાની સૌથી વધુ શક્તિશાળી સેનાઓમાં ભારત ચોથા નંબરે

કરાંચી, તા.૧

દુનિયાની સૌથી વધુ શક્તિશાળી સેનાઓમાં ભારતીય સેના ચોથા નંબરે છે. પાકિસ્તાનની સેના સૌથી શક્તિશાળી સેનાઓની યાદીમાં ૧૫મા સ્થાને છે. પાકિસ્તાની મીડિયામાં પ્રકાશિત રિપોર્ટ અનુસાર 'ગ્લોબલ ફાયરપાવર્સ ૨૦૧૯' નામના એક રિપોર્ટમાં વિશ્વની શક્તિશાળી સેનાઓની યાદી તૈયાર કરાઈ છે. આ રિપોર્ટમાં જણાવાયું છે કે, વિશ્વની સૌથી શક્તિશાળી સેનાઓમાં પ્રથમ નંબરે અમેરિકાની સેના છે. બીજા નંબરે રશિયા, ત્રીજા નંબરે ચીન અને ભારત ચોથા નંબરે છે.

રિપોર્ટમાં જણાવાયું છે કે, ગ્લોબલ ફાયરપાવરની આ યાદીમાં કુલ ૧૩૭ દેશની સેનાનો સમાવેશ કરાયો છે. આ રેકિંગ સેના પાસે રહેલા હથિયાર અને સૈનિકોની સંખ્યાના આધારે નહીં,

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

DANDI KUTIR
THE GANDHI MUSEUM
દાંડી કુટિર - ધ ગાંધી મ્યુઝિયમ
મહાત્મા મંદિર, ગાંધીનગર, ગુજરાત
વિશ્વવિભૂતિ મહાત્મા ગાંધીના જીવન પર આધારિત વિશ્વનું સૌથી મોટું વિશાળ મ્યુઝિયમ ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં.....
82 મિનિટના અભૂતપૂર્વ મલ્ટીમીડિયા પ્રદર્શનનો રોમાંચક અનુભવ :
● ૧૪થી વધુ અત્યાધુનિક ટેક્નોલોજી સાથે વૈવિધ્યપૂર્ણ રજૂઆતો
પરિવાર, મિત્રો અને સબંધીઓ સાથે મુલાકાત લેવાનું અદભુત સ્થળ
અમદાવાદથી માત્ર ૨૦ મિનિટનાં અંતરે.
આજે જ મુલાકાત લો
મંગળવાર થી રવિવાર | સવારે ૧૦.૩૦ કલાકે થી સાંજે ૫.૦૦ કલાક | (સોમવારે બંધ રહેશે)
દાંડી કુટિર, મહાત્મા મંદિર, ગાંધીનગર : ૩૮૨૦૧૬, ગુજરાત, ભારત.
info@dandi-kutir.com | www.dandi-kutir.com | 079 232 55793
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ
પુરાતત્વ અને સંગ્રહાલય ખાતું
Government of Gujarat

જન્મજાત હોઠ અને તાળવાની ખોડખાંપણ



ફ્રી કેમ્પ
દર ગુરૂવારે
જાજુ પ્લાસ્ટીક સર્જરી સેન્ટર
હિન્દુ કોલોની પાછળ, સ્ટેડીયમ, નવરંગપુરા, અમદાવાદ. ટે: ૨૬૪૦ ૪૯૯૦ - ૨૬૪૦ ૪૯૯૧
સૌજન્ય :
SMILE TRAIN (USA) & Jaju Plastic Surgery Foundation

SPECIAL RATE TODAY
Con. Apply*
CHIPS
EXPRESS PVT.LTD
પરદેશ પાર્સલ સેવા
Shrikunj Appt., Nehrunagar, Ahmedabad
Ph. 079-26300326•26303070
M. 9898429666•9898905632

DEV INFORMATION TECHNOLOGY LTD.
DEV IT Simplified...
WALK-IN INTERVIEW
02nd & 03rd October, 2019 | 10:00 AM to 05:00 PM | Job Location: Gandhinagar
દેવ ઇન્ફોર્મેશન ટેક્નોલોજી લિમિટેડ દ્વારા રાજયભરના ખાનગી ધંધાકીય એકમો તથા સરકારી સાહસો માં વિવિધ IT Projects માટે નીચે મુજબ લાયકાત ધરાવતી વ્યક્તિઓની જરૂર છે:
Software Developer (.NET) 2+ years Qualification: MCA/ (BE / B.Tech ( C.S. / E.C. ) ) OR M.Sc. in Computer Science/IT
Sr. Software Developer (.NET) 5+ years Qualification: MCA/ (BE / B.Tech ( C.S. / E.C. ) ) OR M.Sc. in Computer Science/IT
Software Developer (PHP) 2+ years Qualification: MCA/ (BE / B.Tech ( C.S. / E.C. ) ) OR M.Sc. in Computer Science/IT
Content Writer 5+ years Qualification: MCA/Graduate in Science with Knowledge Web Technologies
Web Designer | 2+ years Qualification: MCA/ (BE / B.Tech ( C.S. / E.C. ) ) OR Graduate in Science with Knowledge Web Technologies
ઉપર જણાવેલ લાયકાત ધરાવતી વ્યક્તિ પોતાના યોગ્ય ભણતર બાબતના તથા અનુભવ બાબતના પ્રમાણપત્રો પુરાવા રૂપે સાથે રાખી નીચે જણાવેલ સરનામા ઉપર તારીખ ૨ અને ૩ ઓક્ટોબર સવારે ૧૧ વાગ્યા થી સાંજે ૫ વાગ્યા સુધી માં હાજર રહી કંપની ના પ્રતિનિધિ ને મળવું:
careers@devitpl.com | +91 9099902806 | www.devitpl.com/careers
WALK-IN ADDRESS
MEHTA SHETH & ASSOCIATES
901-902, Shalin, Opp. Petrol Pump, Sector: 11, Gandhinagar - 382011 (Gujarat)